# પ્રકરણ : ૧

# આદિવાસી સમાજ અને સંસ્કૃતિ

આદિવાસી સમાજ પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. આદિવાસી સમાજની પોતાની સંસ્કૃતિ એ એમની સાચી ઓળખ આપે છે. સંસ્કૃતિ દ્વારા આ આદિવાસી માનવસમૂહનું સર્જન થાય છે અને આ જ સંસ્કૃતિથી એ વારસો લાંબો સમય સુધી ટકી રહે છે. આદિવાસી સમાજની લોકસંસ્કૃતિ એ પણ વૈવિધ્યસભર છે. ભારતના કયા ભૌગોલિક ભાગમાં અને કઈ ભૌગોલિક પરિસ્થિતિમાં ઉછેર્યા છે અને રહ્યા છે એ પ્રમાણે વિવિધતા જોવા મળે છે. આદિવાસીઓ હમેશાં પોતાની સંસ્કૃતિમાં રહે છે અને આ જ કારણ છે જે હજુ સુધી આદિવાસી સંસ્કૃતિ સ્થપાઈ રહી છે. આદિવાસી સંસ્કૃતિ અત્યંત વૈવિધ્યવાળી છે. આ આદિવાસી સંસ્કૃતિને સમજવા એની નિકટતાનો સંબંધ કેળવવો જરૂરી છે. એમની સંસ્કૃતિમાં એમનો પહેરવેશ, રહેઠાણ, એમનું આંતરિક પાસું, અન્ય સમાજ સાથેનો વ્યવહાર, એમની ખેતી અને જમીન, આર્થિક પાસું, એમના લોકગીતો, ઉત્સવો અને મેળાવડા, રીતરિવાજો, ખાણીપીણી, અંધશ્રદ્ધા, બોલી – ભાષા વગેરેનો સમાવેશ થાય છે.

પ્રકૃતિની ગોદમાં પાંગરેલી આદિવાસી કથાસાહિત્યમાં સાદગી, તાજગી અને પ્રસન્ન સૌંદર્ય જાણે કે સાદ પાડી ઊઠે છે. વનવાસી પ્રજા ભોળી અને ભગવાનનો

ડર રાખીને ચાલનારી છે. કુદરતના ખોળે આડંબર રહિત નિષ્કપટ જીવન જીવે છે. એમના જીવનની સમગ્ર ક્રિયાઓ સરળ અને સહજ હોય છે. એમનાં સુખ દુ:ખ આનંદ રહસ્ય શ્રદ્ધા, ધર્મ આ બધું એમના જીવનનું મહત્વનું અંગ બનીને કથાસાહિત્યમાં સહજ રીતે વ્યક્ત થાય છે. ઉત્સવો, મેળાઓ, પર્વો, સામાજિક રીત-રિવાજો અને વિધિ-વિધાનો તથા માન્યતાની દૃષ્ટિએ પણ આદિવાસી ધારામાંથી જ લાક્ષણિક અને અભ્યાસને બહુ પાર્શ્વી અને વિશદ બનાવે એવી સામગ્રી મળે છે. આનું કારણ એ છે કે આદિવાસી ધારામાં જ આ બધી જ પરંપરાઓ જીવંત રહી છે. આદિવાસી સમાજ આજ સુધી પશ્ચાદભૂમાં અને વણખેડાયેલો રહ્યો છે. આ સમાજના લોકોના જીવનમાંથી બોધ લેવા જેવી ઘણી બાબતો છે અને મૂલ્યો પણ છૂપાયેલા જોવા મળે છે. એમને પોતાનો કક્કો ખરો કરવાની ધખના નથી. પણ જે જીવ્યું – જાણ્યું છે તે સમૂહમાં વહેંચવાની વૃત્તિ છે. એમની અભિવ્યક્તિ જીવાતા જીવનને પોતાની રીતે – ભાતે વ્યક્ત કરે છે.

આદિમ તથા જંગલોમાં જીવનારા આદિવાસી સમૂહો વિષયે નવીન વિચાર પ્રક્રિયા ખાસ કરીને ૧૬મી સદી પછી શરૂ થયેલી જોવા મળે છે. અમેરિકાની શોધ પછીનો વસાહવાઅદ અને સ્થાનિક લોકો અર્થાત્ આદિવાસી વચ્ચે વારંવાર યુદ્ધો થવા લાગ્યા. આ યુદ્ધોની પૃષ્ઠભૂમિ પર આદિવાસીના સંદર્ભ માટે વિવિધ પ્રકારના વિચારમંથન થવાની શરૂઆત થઈ. આજ શતાબ્દી પછી પાશ્ચાત્ય દેશોમાં આદિવાસી જીવન પર આધારિત સાહિત્ય લખાવા લાગ્યું. ૧૮મી સદીના

મધ્યભાગમાં કૅપ્ટનકુક અને બીજા પ્રવાસીઓએ વિવિધ આદિવાસી સમૂહોના જે અભ્યાસો કર્યા તેમાંથી જ મુખ્યત્વે આદિવાસીઓના સ્વતંત્ર અને રમ્ય જીવનસંબંધી વિચાર બહાર આવ્યા.

વિશ્વની મહાન સભ્યતાઓની ઉત્પત્તિ આદિવાસી સંસ્કૃતિથી થઈ છે. ગ્રીક, મીસર વગેરે તમામ સભ્યતાઓના જનક જે તે ભૌગોલિક ક્ષેત્રના આદિવાસીઓ જ હતા. ભારતની મહાન સભ્યતાના મૂળમાં આદિવાસીઓ જ હતા.

આદિવાસી એ જાતિ કે સમુદાય માત્ર નથી પણ એક મૂલ્ય છે, સંસ્કૃતિ છે. જે સમવાયી જીવન જીવવાની પ્રેરણા આપે છે. તેમાં આખી સૃષ્ટિને સાચવીને જીવવાની એક જીવનપદ્ધતિ રહેલી છે. મેં અનુભવ્યું છે કે, આદિવાસીઓ જીવવામાં માને છે, એ સાચવવામાં કે સંગ્રહ કરવામાં માનતા નથી. તેમ જ બીજાથી વિશિષ્ટ કે જુદા દેખાવાના અભરખા પણ એ પરંપરામાં નથી. જેની સાથે જીવન સંકળાયેલું હતું તે જંગલ હવે રહ્યું નથી. આથી એની સાથે સંકળાયેલી સંસ્કૃતિ અને પ્રકૃતિ પણ નાશ પામી રહી છે. જે સમગ્ર માનવજાત માટે ચિંતારૂપ બની શકે છે. આદિવાસીઓની ઓળખ, લક્ષણો, ખાસિયતો વિશે બહારના સમુદાયોને અને આપણામાંના કેટલાક ‘સુધરેલાઓ’ને ફક્ત એટલું જ જ્ઞાન (?) છે કે આદિવાસીઓ એટલે અભણ, પછાત, અજ્ઞાની, બિચારાં વગેરે... પરંતુ હકીકત એ છે કે દુનિયામાં કોઈપણ સમાજ પાસે નથી તેવી ‘Caring & Sharing’ની ઉચ્ચ ભાવના એ આદિવાસી સંસ્કૃતિનો પાયો છે. વળી, આ પાછું આપણા આદિવાસીઓ માટે જ

આવી ભાવના એમ નહિ, પરંતુ સમગ્ર સૃષ્ટિ માટે આવી ઉચ્ચ ભાવના. એટલે જ તો સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO) એ ઘોષિત કરવું પડ્યું કે જો વિશ્વએ ટકવું હશે તો આદિવાસી સંસ્કૃતિનો અભ્યાસ અને જતન કરવાં જ પડશે. આથી જ આદિવાસીઓ પોતાની સંસ્કૃતિ બચાવવા માટે કટિબદ્ધ બન્યા છે . કારણ કે આ સંસ્કૃતિએ આપણને પ્રકૃતિથી માંડીને પશુ, જીવ-જંતુનું અને નિર્જીવ વસ્તુનું પણ સન્માન કરવાનું શીખવ્યું છે. આ સંસ્કૃતિ જે જીવંત છે, હાજર છે તેવા પ્રકૃતિના તત્વની પૂજા કરે છે. આ સંસ્કૃતિમાં દયા છે, કરુણા છે, પ્રેમ છે. આમ, આદિવાસી સંસ્કૃતિમાં રહેલાં મૂલ્યોનું રક્ષણ અને સંવર્ધન કરવું જોઈએ.

આદિવાસી સમાજ પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. આદિવાસી સમાજની સંસ્કૃતિ એ એમની સાચી ઓળખ આપે છે. સંસ્કૃતિ દ્વારા આ આદિવાસી માનવસમૂહનું સર્જન થાય છે અને આજ સંસ્કૃતિથી એ વારસો લાંબા સમય સુધી ટકી રહે છે. આદિવાસી સમાજની સંસ્કૃતિ પણ વૈવિધ્યસભર છે. ભારતના કયા ભૌગોલિક ભાગમાં અને કઈ ભૌગોલિક પરિસ્થિતિમાં ઉછેર્યા છે અને રહ્યા છે એ પ્રમાણે વિવિધતા જોવા મળે છે. આદિવાસીઓ હમેશાં પોતાની સંસ્કૃતિમાં રહે છે અને આ જ કારણ છે જે હજુ સુધી આદિવાસી સંસ્કૃતિ સ્થપાઈ રહી છે. આદિવાસી સંસ્કૃતિ અત્યંત વૈવિધ્યતાવાળી છે. આ આદિવાસી સંસ્કૃતિને સમજવા એની નિકટતાનો સંબંધ કેળવવો જરૂરી છે. એમની સંસ્કૃતિમાં એમની વેશભૂષા, રહેઠાણ, બંધારણ, કલાકૌશલ્ય, સંગઠન, ધર્મ, જન્મ અને મરણને લગતા રીત-રિવાજો

વગેરેનો સમાવેશ થાય છે. આદિવાસી સમાજનું રહેઠાણ ખાસ કરીને જંગલોમાં કે જંગલોથી નજીક ઝૂંપડાં બનાવીને ઝાડ, પાન, ઘાસ વડે અને માટીથી લીંપણ કરેલા ઘરો એ એમનું રહેઠાણ. વાણી-વ્યવહારમાં પોતાની આગવી બોલી ભાષાનો ઉપયોગ કરે છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ આદિવાસી લોકોની એક ભાષા કે બોલી હોય જે પ્રાદેશિક વિભિન્નતાની સાથે વિભિન્ન હોય છે તેઓ ભૂત-પ્રેત, મૃતાત્માઓની પૂજા, પૂર્વજોની માન્યતાઓને પ્રાધાન્ય આપે છે. સામાજિક ધાર્મિક નિષેધો માટેના નિયમોનું પાલન કરે છે. તેમનું પરંપરાગત પંચ અને સંગઠન હોય છે, જેના દ્વારા નિયમો અને વ્યવહારો જાળવી રાખે છે. તહેવારોની ઉજવણીનું મહત્વ વિશેષ હોય છે. તહેવારોની ઉજવણી ધામધૂમથી કરે છે. તેમાં નાચગાન અને દારૂ-તાડી જેવા પીણા પણ પીવાય છે. હાટ, મેળાઓમાં તેમની જીવનસંગીની પસંદ કરતા હોય છે. ક્યારેક ક્યારેક અંધશ્રદ્ધામાં ભૂત, ડાકણ, ભૂવા વગેરેમાં માનતા હોય છે. ખોરાકમાં જંગલમાં મળતાં તત્વો જેવાં કે ફળ, ફૂલ, કંદમૂળ અને રોટલો–શાક તથા ક્યારેક માંસ-મચ્છીનો પણ ઉપયોગ કરતાં હોય છે. આદિવાસી સમાજની આંતરિક અને બાહ્ય પાસાં જોવા મળે છે. આંતરિક પાસામાં તેઓ એકબીજાને અપશબ્દો, મારા-મારી, કાપા-કાપી જેવાં દૃશ્યો પણ જોવા મળતા હોય છે. આમ, આદિવાસી સમાજની લાક્ષણિકતાઓ જોવા મળે છે.

આદિવાસીઓનું જીવન પ્રકૃતિના આધારે જ ટકેલું હોય છે અને આ પ્રકૃતિમાં વન એ મહત્વનો ભાગ ભજવે છે. વન એ જીવનનું એક સ્વરૂપ છે. આ જંગલના

કારણે જ આદિવાસી ખોરાક મેળવે છે. બળતણ પણ પ્રાપ્ત કરે છે, સાથે સાથે જરૂરી લાકડાં પણ મેળવે છે. જંગલ એ જ આદિવાસી માટે જીવનદાતા છે. જંગલમાં નાનાં-નાનાં જીવજંતુઓથી માંડીને સૌથી હિંસક પ્રાણીઓ રહેતા હોવા છતાં આદિવાસીઓ જંગલને પોતાનું રહેઠાણ માને છે. આ જંગલને આદિવાસીના પ્રકૃતિદેવ ગણવામાં આવે છે. આદિવાસી શરૂઆતમાં પદ્ધતિસરની ખેતી કરતા ન હતા, પરંતુ જંગલી ધાન્યો, ફળો, કંદમૂળ, ભાજીપાલો, માછલાં અને પશુઓનું માંસ મેળવીને જીવન ચલાવતા. જંગલમાંથી આદિવાસીને ઋતુઓ પ્રમાણે જીવનનિર્વાહ માટેનો ખોરાક પ્રાપ્ત થાય છે. આમ, આદિવાસીઓના જીવનમાં જંગલ પણ તેમનું અભિન્ન અંગ બની રહે છે.

કુદરતે આદિવાસીઓને ભરપૂર સંવેદનો અને કોઠાસૂઝ બક્ષ્યાં છે આ સંવેદનોમાંથી એણે સ્વયં પોતાની આગવી ભાષા, સંસ્કૃતિ સહજ રીતે વિકસાવી છે. જગતની કોઈ ચિત્રશૈલી સાથે જેનું અનુસંધાન નથી. તેવી આગવી શૈલીમાં કુદરતમાંથી મેળવેલા રંગોથી એમણે અદ્ભૂત ચિત્રો દોર્યા. પોતાના ભીતરની લાગણીઓ વ્યક્ત કરવા માટે એમણે ગીત અને સંગીત રચ્યાં. કુદરતમાં સહજ રીતે પ્રગટતાં તાલ અને લય સાથે સંધાન કરીને નૃત્ય કરતાં અને વાદ્યો વગાડતાં તે શીખ્યો છે. આદિવાસીઓએ પોતાની બોલી અને ભાષા વિકસાવી, ઉત્સવો અને તહેવાર મનાવી આનંદ કરે છે. તેમણે સાચા અર્થમાં પોતાની રીતે પોતાની

ભાષામાં પ્રત્યાયન કર્યું છે. તો આપણે પણ આદિવાસી સમાજ અને સંસ્કૃતિના વારસાને જોઈએ, જાણીએ, જાળવીએ અને સંવર્ધિત કરીએ.

## ૧.૧ ભારતીય આદિવાસી સમાજ અને સંસ્કૃતિ:

ભારતીય આદિવાસી સમાજ અને સંસ્કૃતિને નિહાળતાં કુદરતે ભારતની ધરતીને છૂટા હાથે પ્રાકૃતિક સૌંદર્ય બક્ષ્યું છે. આભને આંબતા અડીખમ ડુંગરાઓ, ડુંગરાની ગાળિયો, ગીચ જંગલોને ઝાડીઓ વર્ષાની મોસમમાં બે કાંઠે વહેતી નદીઓ અને સૌરાષ્ટ્રના કાંઠાને વીંટળાઈ વળેલો ૧૬૦૦ કિલોમીટર લાંબો સાગરકાંઠો, આવાં પ્રાકૃતિક સૌંદર્યના પ્રાંગણમાં કરોડો વર્ષ પૂર્વ આદિમાનવીઓનો પદ-ધબકાર સંભળાવવો શરૂ થયો. પથ્થર યુગનો માનવી સંસ્કૃતિનો સર્જક બન્યો અને કાળક્રમે સંસ્કૃતિની વણઝાર એક પછી એક વિસામો વટાવતી આગળ ચાલી. ભારતમાં આદિવાસીઓ વિવિધ વિસ્તારોમાં વસવાટ કરે છે. આ આદિવાસીઓમાં પ્રજાતિ તત્વો, વિસ્તાર, ભાષા, કુળ, સાંસ્કૃતિક વિકાસનું સ્તર, વસ્તી વગેરેમાં અનેક વિવિધતાઓ રહેલી છે. આવી વિવિધતાઓને ધ્યાનમાં રાખીને અનેક વિદ્વાનોએ આદિવાસી સમુદાયોનું વર્ગીકરણ આપ્યું છે. કેટલાક માનવશાસ્ત્રીઓએ ભૌગોલિક વિસ્તાર, ભાષાકીય બાબતો, આર્થિક બાબતો અને પ્રજાતિય તત્વોને ધ્યાનમાં રાખીને આદિવાસીઓને વર્ગીકૃત કર્યા છે. ભારતના બે રાજ્યો પંજાબ અને હરિયાણાને બાદ કરતાં બાકીના તમામ રાજ્યોમાં આદિવાસી લોકો વસવાટ કરે છે, જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચંદિગઢ, દિલ્હી અને પોંડીચેરી સિવાયના

પ્રદેશોમાં આદિવાસી લોકો વસવાટ કરે છે. ભારતની પૂર્વકાલીન જાતિઓમાં આદિવાસીઓની ગણના કરવામાં આવે છે. આદિવાસી ભારતના મૂળ નિવાસી છે. આ જાતિઓ આદિકાળથી અહીં વસતી હોવાથી એમને 'આદિમ જાતિઓ' કે આદિવાસીઓ એવું નામ આપવામાં આવ્યું છે.

ભારતની જ નહિ પણ સમગ્ર વિશ્વમાં આદિવાસી એક એવી સંસ્કૃતિ છે જે સૌથી પ્રાચીન છે. ભારતમાં આદિવાસી સંસ્કૃતિ વેદકાળ, રામાયણ અને મહાભારતકાળથી પણ પ્રાચીન છે. એટલું જ નહિ, પરંતુ લાંબા સમયપટમાં અકબંધ રહી છે. આથી જ તો આદિવાસીઓને આ ધરતીના પૂર્વજ કહેવામાં આવ્યા છે. ભારત દેશ એવો વૈવિધ્યસભર એકત્વ ધરાવતો દેશ છે કે વિશ્વ પ્રસિદ્ધ પ્રો. મૈક્સમૂલરનો અંગૂલિનિર્દેશ પણ બધા દેશોમાં ઉત્તમ અને શ્રેષ્ઠત્વ લેખે ભારત દેશ તરફ જ જાય છે. વેદમાં પણ માનવમાત્રને 'અમૃતસ્યપુત્રા' કહી ઉચ્ચોચ્ચ સ્થાન અપાયું છે. ભારત દેશમાં લોકકલાઓ, લોકવિદ્યા પણ અનોખું વૈવિધ્ય છે. ઐતિહાસિક રીતે સદીઓ જૂની આપણી ભારતીય સંસ્કૃતિ અને બહુવિધ ભારતીય સમાજ લોકસંસ્કૃતિ સાથે સંકળાયેલ છે. આ સંસ્કૃતિમાં મહત્વની અને નોંધનીય સંસ્કૃતિ આદિવાસી સંસ્કૃતિ છે. ભારતદેશના મૂળ વતની તરીકે ઓળખાતા આદિવાસીઓને ગિરિજનો, વનવાસી, વનફૂલ તરીકે પણ ઓળખવામાં આવે છે. મનુષ્ય જીવન-સૃષ્ટિના આરંભથી જેનું અસ્તિત્વ છે તેવી 'આદમ-ઈવ' કાળની માનવ અસ્તિત્વ ધરાવતી સૌથી જૂની જાતિ તે 'આદિવાસી' જેમનું જીવન

પ્રકૃતિમય છે. જંગલો અને પહાડોમાં જન્મે છે, ઉછરે છે અને પોતાનું જીવન વિતાવે છે. તેઓને માટે તો પ્રકૃતિ એ જ પરમેશ્વર. માનવ અને પ્રકૃતિના સહઅસ્તિત્વનું શ્રેષ્ઠ ઉદાહરણ જ આદિવાસી છે એની સ્વયંપાકી પોતાની એક અદ્દભૂત અને અનોખી સંસ્કૃતિ છે. શરીર અને આત્મા, શબ્દ અને અર્થ, તલમાં તેલ જેમ એકરૂપ હોય છે તેમ તેઓની સામાજિક, ધાર્મિક માન્યતાઓ સાથે પ્રકૃતિ એકરૂપ થઈ જાય છે. તેમનાં પોષાક, ભાષા, રહેણી-કરણી, રીતરિવાજો, ઉત્સવોનો પણ એક વિશિષ્ટ મહિમા છે. ભારત સહિત વિશ્વના તમામ પર્વતીય-ડુંગરાળ અને જંગલ વિસ્તારોના પ્રદેશોમાં આદિકાળથી આદિવાસીઓ વસવાટ કરતાં આવ્યાં છે. નદી, ઝરણાં, સરોવરો, પર્વતો-ડુંગરોની ગિરિમાળા, વૃક્ષો-જંગલો અને પશુપક્ષીઓથી એ પ્રદેશો છવાયેલો છે. પ્રકૃતિના સુંદરતાનો અદ્દભૂત નજારો અહીં જોવા મળે છે. એમ લાગે છે કે સ્વર્ગનો વાસ અહીં જ છે. પર્યાવરણનાં તમામ પરિબળોની મોજૂદગીની અનુભૂતિ અહીં અનુભવાય છે. એ વિસ્તારોમાં રહેતાં આદિવાસીઓ અને પર્યાવરણનાં પરિબળો વચ્ચે એક મજબૂત નાતો-સંબંધ વર્ષોથી રહેલો છે. બંને એકબીજાના પૂરક છે. જેમ માછલી પાણી બહાર જીવી શકતી નથી. તેમ, આદિવાસીઓ પણ આવાં પર્યાવરણીય જંગલો-પરિબળો વગર ગૂંગળામણ – અસુખ અનુભવે છે.

ભારતના દરેક રાજ્યમાં આદિવાસી સમુદાય વસવાટ કરે છે. જેમ કે જમ્મુ અને કાશ્મીરમાં બેડા, બાકરવાળ, ગરા, ગુજ્જર, મોન વગેરે. હિમાચલ પ્રદેશમાં

ભાંટ, બેટા, ડોમ્બા, લાહોલા, પંગવાલા જેવી આદિવાસી જાતિઓ રહે છે. ઉત્તરાંચલમાં ભોટિયા, બુકઆ, જૈનસારી, થારૂ વગેરે. રાજસ્થાનમાં ભીલ, મીના, ડામોર, ધાનકા, ગરાસિયા, નાયક, નાયકડા, સહારીયા વગેરે. ઉત્તરપ્રદેશમાં ગોંડ, બૈગા, ચેરો, ભૂઈયા વગેરે. સિક્કિમમાં ભૂટિયા, લેપચા, લિંબુડ વગેરે. બિહારમાં બૈગા, બેડિયા, ભૂમિજ, સંથાલ, ઓલ વગેરે. અરૂણાચલ પ્રદેશમાં ગાલોંગ, અકા, તાગીન, ખાબા, અદી વગેરે. નાગાલૅન્ડમાં નાગા, કચારી, મિકિર, ગારો જેવા આદિવાસીઓ રહે છે. મણિપુરમાં ગંગતે, તરાઉ, હમાર, અનાત વગેરે. મિઝોરમમાં ડિમાસા, ગારો, હાજંગ, હમાર વગેરે. ત્રિપુરામાં ગારો, ચકમા, સંથાલ વગેરે. આમ, ભારતના દરેક રાજ્યમાં આદિવાસીઓ રહે છે. મેઘાલય, આસામ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓરિસ્સા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ગોવા, કર્ણાટક, કેરાલા, તામિલનાડુ, આંદામાન અને નિકોબાર દ્વિપસમુહ, દાદરાનગર હવેલી, દમણ અને દીવ, લક્ષદ્વીપ વગેરે કેન્દ્રશાસિત પ્રદેશોમાં પણ આદિવાસીઓ રહે છે. તેમના દરેક સમાજ અને સંસ્કૃતિમાં વૈવિધ્ય જોવા મળે છે. તેમના રહેઠાણ, ખાણીપીણી, તેમના રીતરિવાજો, મેળાવળાઓમાં પહેરવેશમાં, બોલી-ભાષામાં ભિન્નતા જોવા મળે છે. આમ, આદિવાસી સમાજ અને સંસ્કૃતિની અનેકતામાં એકતા રહેલી જોવા મળે છે.

## ૧.૨ ગુજરાતી આદિવાસી સમાજ અને સંસ્કૃતિ:

આદિવાસી સંસ્કૃતિએ આદિકાળથી પ્રવર્તતી સંસ્કૃતિ છે. સંસ્કૃતિએ આદિવાસી સમાજમાં

સહજ રીતે સમવાયેલી છે. આદિવાસી જીવન એ કુદરતના નિયમો પ્રમાણે ચાલતો સમાજ છે. ગુજરાતમાં અરવલ્લીથી લઈને મહિસાગર, દાહોદ, સાબરકાંઠા, છોટાઉદેપુર, રાજપીપળા, વ્યારા, ઉચ્છલ, નિઝર, બોડેલી, ધરમપુર, વાંસદા, ડાંગ, દમણ, સેલવાસ સુધીના અલગ ભૂભાગ પર વસતા ગુજરાતી આદિવાસી લોકોનું જીવન, પ્રશ્નો – સમસ્યાઓ અને મન:સ્થિતિ, રીતરિવાજો, ખેતી અને જમીનના પ્રશ્નો, અન્ય સમાજ સાથેનો નાતો, એમનું આંતરિક – બાહ્ય પાસું, આદિવાસી સંસ્કૃતિ, આદિવાસી બોલીઓ આ નવલકથાઓમાં કલાત્મક રીતે નિરૂપાઈ છે.

ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી રાજ્યની પૂર્વ સરહદ પર આવેલા ડુંગરાળ વિસ્તારોમાં પથરાયેલી છે. આ વિસ્તારને 'આદિવાસી પટ્ટી' તરીકે ઓળખવામાં આવે છે. આ આદિવાસી પટ્ટી ગુજરાતના પૂર્વ અને દક્ષિણ ભાગમાં આવેલી છે. દક્ષિણે છેક ડાંગ જીલ્લાથી શરૂ થઈ ઉત્તર-પૂર્વ દિશામાં બનાસકાંઠા સુધી ફેલાયેલ છે. આ વિસ્તારમાં ડાંગ, વલસાડ, નવસારી, સૂરત, નર્મદા, ભરૂચ, વડોદરા, પંચમહાલ, દાહોદ, સાબરકાંઠા, બનાસકાંઠા અને તાપી જિલ્લાનો સમાવેશ થાય છે.

આદિવાસીઓની વ્યવસાયિક તરાહ તેમની ભૌગોલિક લાક્ષણિકતાઓથી નક્કી થાય છે. જેમ કે કુદરતી ખેતી, ખેતીના વિવિધ પાકો, વિસ્તારનો વિકાસ અને અન્ય સામાજિક-સાંસ્કૃતિક પરિબળો, ભરૂચ અને વડોદરા જિલ્લાઓ સિવાય બાકીન જિલ્લાઓમાં પર્વત વિસ્તાર અને જંગલો જોવા મળે છે. સાબરકાંઠા જિલ્લો પર્વત વિસ્તાર અને સપાટ વિસ્તાર એવા બે વિભાગમાં વહેંચાયેલો છે. ગુજરાતનાં મહત્વનાં આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાની મુખ્ય આદિવાસી જાતિઓને તપાસીએ તો સૂરત જિલ્લાની પટેલીયા અને નાયકડા; વડોદરા જિલ્લામાં રાઠવા, ભીલ, ધાનકા; વલસાડ જિલ્લામાં દુબળા, કોંકણા; પંચમહાલ જિલ્લામાં ભીલ, નાયકડા, રાઠવા; ભરૂચ જિલ્લામાં ભીલ, ધાનકા, ગામિત; સાબરકાંઠામાં ભીલ, નાયકડા; નર્મદા જિલ્લામાં ભીલ, ધાનકા, ગામિત; બનાસકાંઠામાં ભીલ, પઢાર અને ડાંગ જિલ્લામાં કોંકણા, ભીલ, વારલી

અને કુણબીની મુખ્ય વસ્તી છે. આમ, અલગ અલગ જિલ્લાઓમાં વિભિન્ન જાતિઓના આદિવાસીઓ રહે છે. ગુજરાતમાં ઉત્તરે અરવલ્લી પહાડની હારમાળાઓમાં, પૂર્વમાં સાતપુડા અને વિંધ્ય પહાડની શિખરાવલીઓમાં અને દક્ષિણમાં સહ્યાદ્રિની પર્વતશ્રેણીઓમાં આદિવાસીઓનું નિવાસ સ્થાન છે. તેઓને કુદરતમય જીવન જીવવા માટેની તમામ જરૂરિયાતો જંગલો પૂરી પાડે છે. બીજી બાજુ આદિવાસીઓ જંગલનું મહત્વ સમજીને જંગલોનું સંરક્ષણ અને સંવર્ધન કરતા આવ્યા છે. આદિવાસીઓ કુદરતના ખોળે આડંબર રહિત સાદુ અને નિષ્કપટ જીવન જીવે છે. તેમનું રોજિંદુ જીવન, સામાજિક પ્રસંગો નૃત્ય, સંગીત, ઉત્સવો, તહેવારોની મસ્તી એ બધું જ તેમના ધર્મ સાથે સંકળાયેલું છે. એમના જીવનના સુખદુ:ખ, આનંદ, રહસ્ય, ધર્મ એ એમના જીવનમાં મહત્વનાં અંગ બનીને સહજ રીતે વ્યક્ત થાય છે. આદિવાસી પ્રજાની સંસ્કૃતિ સામાજિક સ્તરરચના, લગ્ન, રીતરિવાજ, જાતીય સંબંધો, સામાજિક સંગઠન, જાતિપંચ, આદિવાસી સંસ્કૃતિ અને પ્રાકૃતિક ગ્રામરચના, આદિવાસી પ્રજાનાં આભૂષણો, હાટ અને મેળાઓ તથા ઉત્સવો પણ સંસ્કૃતિનો એક ભાગ બની જાય છે. આદિવાસી સંસ્કૃતિમાં તેમની ભાષા-બોલી, વાણીવ્યવહારમાં વપરાતી તેમની કહેવતો અને રૂઢિપ્રયોગો પણ જુદી ભાત પાડે છે. આમ, ગુજરાતી આદિવાસી સમાજ અને સંસ્કૃતિ ખેડવા યોગ્ય ક્ષેત્ર બની રહે છે.

# પ્રકરણ : ૨ ગુજરાતી આદિવાસી નવલકથા

આદિવાસી બોલી, પહેરવેશ, રીતરિવાજ, લાક્ષણિકતાઓ, પ્રાકૃતિક ધર્મ, અંધશ્રદ્ધા, વહેમ, વસ્ત્રો-પરિધાન, હાટ-મેળાવડાઓ, લગ્નપ્રથા, સામાજિક વ્યવસ્થા, આર્થિકતાના પ્રશ્નો, આદિવાસી સમાજનું આંતરિક-બાહ્ય પાસું વગેરેનું સહજ આલેખન જે કૃતિમાં આવે તે આદિવાસી સાહિત્ય. આદિવાસી સાહિત્યનો આ પ્રવાહ સૌપ્રથમ કથાસાહિત્યના સ્વરૂપમાં જન્મ્યો છે. આ કથાસ્વરૂપોમાં પણ નવલકથા સ્વરૂપમાં તે વધુ પ્રાપ્ત થાય છે. અહીં અભ્યાસમાં લીધેલી કૃતિઓ પરથી આદિવાસી સાહિત્ય પ્રવાહ કથનાત્મક સાહિત્યમાં કેવો ઊતરી આવ્યો છે તે જણાય છે.

•